REGISTER B. No. 156

श्री

પુ. ૨૦ મું. અંક ૧૨ મો. ફાલ્ગુન. સં. ૧૯૬૧

# જૈનધર્મ પ્રકાશ.

शिखरिणीवृत्तम्.

धनं दत्तं वित्तं जिनवचनमभ्यस्तमखिलं ।
क्रियाकाण्डं चण्डं रचितमवनौ सुप्तमसकृत् ॥
तपस्तीव्रं तप्तं चरणमपि चीर्णं चिरतरं ।
न चेच्चित्ते भावस्तुषवपनवत्सर्वमफलम् ॥ १ ॥

प्रगट कर्ता.

**श्री जैनधर्म प्रसारक सभा.**

ભાવનગર

अनुक्रमणिका.

૧ ભાવનગર જૈન બોર્ડીંગ ખોલ્યા સંબંધી હેવાલ. ૨૬૫
૨ અમિતાંગ કુમાર. ૨૭૨
૩ તીર્થયાત્રા. ૨૮૩
૪ જૈન કોન્ફરન્સ હેરલ્ડ. ૨૮૬
૫ શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર. મૂળ પ્રગટ થવા
સંબંધી સમાચાર ૨૮૮

અમદાવાદ

“એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ” માં

નથુભાઇ રતનચંદ મારફતીયાએ છાપ્યું.

વીર સંવત ૨૪૩૧ શાકે ૧૮૨૬ સને ૧૯૦૫

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ ચાર આના.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"જ્ઞાનનું પુસ્તકનું સુધીને આશાતના કરવી નહીં.

## જૈન શાસ્ત્રાની ચૈત્રમાસ તથા પર્વ.

શુદ ૨ બી. બુધ, શુક્ર. — શુદ ૬ મંગળ ઓળી બેઠી
શુદ ૧૦ ગો શુક્ર. — શુદ ૧૫ બુધ ઓળી સંપૂર્ણ
શુદ ૪ શની રોહીણી. — ચૈત્રી પુનમ, સિદ્ધાચળ યાત્રા.

નવું પંચાંગ સંવત્સરી સંબંધી નિર્ણય ન થવાથી છપાવવામાં વિલંબ કરેલો રહેલો છે. તે બાબત ગયા અંકમાં કરેલી વિનંતી મુજબ વિદ્વાન મુનિરાજોનું તથા ગૃહસ્થોનું ફરીને ધ્યાન ખેંચીએ છીએ. તેમના તરફથી ખુલાસો આવ્યેથી છપાવી શકાશે.

## ગ્રાહકોને ભેટ.

આ અંક સાથે પુરા થએલા વર્ષનું લવાજમ મોકલી આપનાર ગ્રાહકોને ભેટ આપવા એક બુક છપાવવા માંડી છે. તેના નામ સાથેની હકીકત આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે. જેથી ભેટ લેવા ઇચ્છનાર ગ્રાહકોએ લવાજમ તાકીદે મોકલાવવું.

## અમારી સભામાં દાખલ થયેલા નવા મેમ્બરો.

૧ બાબુસાહેબ રાય બુધસિંહજી બહાદુર. — પેટ્રન.
૨ શેઠ ભોગીલાલ વીરચંદ દીપચંદ. — લાઇફ મેમ્બર.
૩ શા. નેમચંદ ભીમજી. ભાંગરોળ — ”
૪ શા. જમનાદાસ મોરારજી ” — ”
૫ શા. પ્રેમજી રામચંદ પીતામ્બર. પ્રભાસ — ”
૬ ડા. ત્રીભુવનદાસ લહેરચંદ એલ.એમ.એસ. પોરબંદર — ”
૭ ડા. શિવકરણ સોભાગચંદ એલ.એમ.એસ. ધોરાજી — ”
૮ શેઠ કસ્તુરભાઇ કસળચંદ — ”
૯ શા મોહનલાલ નાગજી મકનજી. ધોરાજી. — પહેલા વર્ગના વાર્ષિક મેમ્બર.
૧૦ શેઠ મતુભાઇ તારાચંદ કરમચંદ. વેરાવળ — ”
૧૧ શા. મુળજી પુરૂષોતમ. પ્રભાસ — ”
૧૨ શેઠ રૂપશી જેઠાભાઇ. જામનગર — ”
૧૩ માસ્તર જગજીવનદાસ ફુલચંદ. બીજા વર્ગના વાર્ષિક મેમ્બર.
બી. એ. બી. એસ. સી. જામનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# श्री जैनधर्म प्रकाश

દોહરો.

મનુજન્મ પામી કરી, કરવા જ્ઞાનવિકાશ;
નેહયુક્ત ચિત્તે કરી, વાંચો જૈનપ્રકાશ.

પુસ્તક ૨૦ મું. શાકે ૧૮૨૬ સં. ૧૯૬૧ ફાલ્ગુન. અંક ૧૨ મો.


## ભાવનગરના મહારાજા સર ભાવસિંહજી બહાદુર કે. સી. એસ. આઇ. ના હાથથી શ્રી ભાવનગર જૈનબોર્ડીંગ ખોલાવવાની ક્રિયા સંબંધી હેવાલ.

( મહા વદી ૩ બુધવારે દાદાસાહેબની વાડીમાં થયેલ જાહેર મેળાવડો.)

ભાવનગરના જૈન કોમના આગેવાનોના ઉત્સાહથી ત્યાં એક જૈન બોર્ડીંગ હાઉસ હાલ તરતમાં બંધાવવામાં આવેલ છે, તે ખોલવા સંબંધી ક્રિયા ત્યાંના નામદાર મહારાજાસાહેબના હાથથી કરાવવાને માટે એક જાહેર મેળાવડો ચાલતા માસની વદ ૩ બુધવારના રોજ બપોરના ૩॥ કલાકે કરવામાં આવ્યો હતો.

સદરહુ મેળાવડો કરવા માટે દાદાસાહેબની વાડીમાં મધ્ય ચોકમાં એક મોટો શમીયાણો ઉભો કરવામાં આવ્યો હતો. બોર્ડીંગના મકાનને અને સમીયાણાને બહુ સારી રીતે શોભાવવામાં આવેલ હતાં. બહારના ભાગમાં એક દરવાજો ઉભો કરી આશિર્વાદાત્મક લેખવાળા બોર્ડ વિગેરેથી શોભાવવામ આવેલ હતો. ચારે તરફ ધ્વજાપતાકા ને તોરણો ફરકી રહ્યાં હતાં. આવનાર ગૃહસ્થોને માન આપવા માટે બેંડ પણ હાજર હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામદાર મહારાજાસાહેબને આમંત્રણ કરવા માટે બરાબર ચાર કલાકે ચાર ગૃહસ્થો (શેઠ રતનજી વીરજી, ત્રીભુવનદાસ ભાણજી, કુંવરજી આણંદજી, માસ્તર મોતીચંદ ઝવેરચંદ) નું એક ડેપ્યુટેશન નીલમબાગ ગયું હતું. તેમના આમંત્રણનો સ્વીકાર કરીને નામદાર મહારાજાસાહેબ સાડાચાર કલાકે મંડપમાં પધાર્યા હતા. સર્વ સભાજનોએ ઉભા થઇને માન આપ્યું હતું. મહેરબાન દીવાનસાહેબ વિગેરે રાજ્યના તમામ અધિકારીઓ, પેન્શનરો, વકીલો, વ્યાપારીઓ અને ઘણા જૈનબંધુઓ આવેલ હોવાથી મંડપ ભરપૂર થયેલો હતો.

મહારાજાસાહેબે અધ્યક્ષસ્થાન લીધા બાદ પ્રીન્સીપાલ ઉનવાલા જેઓ જૈન બોર્ડીંગ વ્યવસ્થાપક કમીટીના પ્રમુખ છે તેમણે નામદાર મહારાજા સાહેબનો આભાર માનીને એક ટુંકું પણ અસરકારક ભાષણ આપ્યું હતું. જેની અંદર જૈન કોમના આ સ્તુત્ય પ્રયાસની પ્રશંસા, તે વર્ગના આગેવાનો પૈકી આ કાર્યમાં ઉત્સાહથી ભાગ લેનાર તરીકે શેઠ રતનજી વીરજી, ત્રીભુવનદાસ ભાણજી અને કુંવરજી આણંદજીને ધન્યવાદ, મનુષ્ય માત્રે સ્વાશ્રયી થવાની જરૂર, સ્વાશ્રયીના અન્ય દાખલાઓ સાથે આ બોર્ડીંગના દાખલાનું બંધબેસતાપણું, પોતાની સર્વ કોમને બનતી મદદ કરવાની લાગણી સાથે જૈન કોમનો સંબંધ, બોર્ડીંગથી થતા લાભ, મહારાજાસાહેબને બોર્ડીંગ ખોલવાની વિનંતિ, કાઠીઆવાડના તમામ દેશી રાજ્યો કરતાં ભાવનગરમાં રાજા પ્રજાનો પરસ્પર અદ્વિતીય પ્રીતિ ભરેલો સંબંધ અને તે સંબંધનો પોતાનો જાતિ અનુભવ, ઉંચી કેળવણીની આવશ્યકતા વિગેરે બાબતો બહુ સારી રીતે સમજાવી હતી, અને છેવટે સદરહુ બોર્ડીંગ કમીટીના સેક્રેટરી મી. કુંવરજી આણંદજીને બોર્ડીંગ સંબંધી ટુંક હેવાલ વાંચી બતાવવા ફરમાન કર્યું હતું.

બાદ મી. કુંવરજી આણંદજીએ નામદાર મહારાજા સાહેબની પરવાનગી મેળવીને બોર્ડીંગ સંબંધી પ્રારંભથી આજ સુધીનો હેવાલ વાંચી બતાવ્યો હતો. તે નીચે પ્રમાણે;—

આપણા નેકનામદાર મહારાજા સાહેબ સર ભાવસિંહજી બહાદુર કે. સી. એસ. આઇ. એ અમારી વિનંતિનો સ્વીકાર કરીને જૈનબોર્ડીંગ હાઉસ ખોલવા માટે અત્રે પધારવાનું સ્વીકાર્યું તેને માટે અમે અંતઃકરણથી હર્ષિત થયા છીએ.

જે શુભ પ્રસંગને માટે આપણા નેકનામદાર મહારાજા સાહેબને અહીં જૈનસમુદાય તરફથી પધારવાની તસ્દી આપવામાં આવી છે તે શુભ કાર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક ગૃહસ્થની વાતચિતનું પરિણામ છે. આપ સાહેબોને આશ્ચર્ય થશે કે સુજ્ઞજનોની સામાન્ય વાતચિત પણ આવું ઉત્તમ પરિણામ લાવી શકે છે.

ગયા વર્ષના મહા શુદ ૭ મે અત્રેના એક જૈનગૃહસ્થ શા આણંદજી પુરૂષોત્તમના પૌત્ર મોતીચંદ ગીરધરલાલ અત્રેની જૈનકોમમાં પહેલા એલ. એલ. બી. થતાં તેને માનપત્ર આપવા માટે અત્રેની ઘણી પ્રખ્યાતિ પામેલી અને ૨૪ વર્ષ થયાં સ્થપાયેલી શ્રી જૈનધર્મ પ્રસારક સભા તરફથી એક જાહેર મેળાવડો અત્રેના કેળવણી ખાતાના વડા મી. ઉનવાળાના પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો. તે પ્રસંગે મી. ઉનવાળા સાહેબે એક બોર્ડીંગ ખોલવા માટે જૈનસમુદાયના આગેવાનોને ખાસ ઉપદેશ કર્યો હતો; અને તે સુચના ઉપાડી લઇને શો. નથુ મંછાચંદે અસરકારક ભાષણ કર્યું હતું. તે ઉપરથી જૈનસમુદાયના મનમાં તરતજ તે વાત રૂચી જવાથી તેને માટે તેજ વખતે એક ફંડ કરવામાં આવ્યું હતું, જેમાં તે વખતે રૂપીઆ બે હજાર જેટલી રકમ ભરાઇ હતી. તે રકમમાંથી તરતમાં દાદાસાહેબની વાડીમાં એક બોર્ડીંગહાઉસ ખોલવાનું ઠરાવવામાં આવ્યું હતું, અને તેના નિભાવ માટે ફરીને વિચાર કરવા ઉપર મુલતવી રાખવામાં આવ્યું હતું.

આ મીટીંગમાં જૈનવર્ગનો આ કાર્ય પરત્વે ઉત્સાહ બહુ સારો જણાતો હતો. તેજ વખત તે કાર્યને અંગે ૨૦ ગૃહસ્થોની એક વ્યવસ્થાપક કમીટી પણ મુકરર કરવામાં આવી હતી, જેમાં પાછળથી બીજા ૧૦ ગૃહસ્થોનાં નામો ઉમેરવામાં આવેલાં છે. હાલ કુલ ૩૦ મેમ્બરો છે. તે કમીટીના પ્રમુખ મી. ઉનવાળા, વા. પ્રમુખ વોરા અમરચંદ જસરાજ અને સેક્રેટરીઓ મી. કુંવરજી આણંદજી શાહ તથા મી. મોતીચંદ ઝવેરચંદ મેહેતા છે.

ત્યારબાદ તરતમાંજ મહાવદ ૬ કે સદરહુ કમીટીના ગૃહસ્થો દાદાસાહેબની વાડીમાં ગયા, અને બોર્ડીંગહાઉસની જગ્યા મુકરર કરી.

કમીટીના સેક્રેટરીઓએ તરતમાંજ તે કાર્યને લગતી તૈયારી કરી, અને ફાગણ વદ ૧૦ મે સદરહુ મકાન બાંધવાનો પાયો નાંખવામાં આવ્યો. અર્થાત્ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. ત્યારબાદ ખાસ કરીને સેક્રેટરીઓ મી. કુંવરજી આણંદજી શાહ તથા મી. મોતીચંદ ઝવેરચંદ મેહેતાના સતત્ પ્રયાસ, ઉત્સાહ અને ખંતથી ૭ માસની અંદર આ મકાન પુરૂં કરવામાં આવ્યું તેને માટે તેઓને ધન્યવાદ ઘટે છે.

પ્રારંભમાં તો ફંડ માત્ર રૂપીઆ બે હજારનું કરવામાં આવેલ હતું;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાસ તે પ્રસંગે પ્રો. નથુ મંછાચંદ હાજર હોવાથી તેણે બહુ સારો હિસાબ બતાવી આ બોર્ડીંગના લાભ માટે ખાસ એક ખેલ આપ્યો હતો, જેમાં લગભગ અઢીસો રૂપીઆ બોર્ડીંગને મળ્યા છે; અને શેઠ રતનજી વીરજી તથા શાહ ત્રીભુવનદાસ ભાણજી વિગેરેના પ્રયાસથી, ઉત્સાહથી તેમજ [illegible] આ ફંડ વૃદ્ધિ પામેલું છે; જેથી હાલ સુધીમાં આ બોર્ડીંગના ફંડમાં રૂ. ૬૧૫૩ ભરાયેલા છે, તેની વિગત—

| | |
|---|---|
| ૧૦૦૧ શેઠ રતનજી વીરજી | ૧૦૦૧ શાહ આણંદજી પુરૂષોત્તમ |
| ૧૦૦૦ શાહ ત્રીભુવનદાસ ભાણજી | ૧૦૦૦ શાહ રતનજી જીવણદાસની કંપની |
| ૫૦૦ શાહ કુંવરજી આણંદજી હસ્તુ | ૫૦૦ શાહ અમૃતલાલ પુરૂષોત્તમ |
| ૨૫૦ શાહ બેચરદાસ ઉજમશી | ૨૩૮ પ્રો. નથુ મંછાચંદ (ખેલનો ખર્ચ બાદ જતાં |
| ૧૦૧ કાપડીયા મોતીચંદ ગીરધરલાલ | ૧૦૦ વોરા અમરચંદ જસરાજ |
| ૧૦૦ વોરા હઠીસંગ ઝવેર | ૫૧ શા રાયચંદભાઇ હીરાચંદ |
| ૮૧ વાગડીયા ગુલાબચંદ અમરજી | ૫૧ વકીલ દીપચંદ ત્રીભુવનદાસ |
| ૨૫ વકીલ પરશુદાસ મોતીચંદ | ૨૫ સંઘવી દામોદરદાસ નેમચંદ |
| ૨૫ શા જુઠાભાઇ વાલજી | ૨૫ વોરા ગોરધન જેચંદ |
| ૨૫ શા રામદાસ કેશવજી | ૨૦ વોરા હરખચંદ સાતચંદ |
| ૧૧ વકીલ મુળચંદ નથુભાઇ | ૧૦ મહેરબાન ઉનવાળા |
| ૧૦ રા. રા. રતીલાલભાઇ છોટાલાલ | ૨ માસ્તર નાનજી મહાવજી |

કુલ રૂ. ૬૧૫૩.

મહેરબાન બાપુસાહેબ જુધસિંહજી બહાદુર જે વખતે ભાવનગરમાં પધારેલ હતા તે વખતે બોર્ડીંગહાઉસના નિભાવાર્થે મદદ માગતાં દરવર્ષે રૂ. ૧૫૦)ની રકમ હાલમાં ત્રણ વર્ષ સુધી આપવાને પોતે અનુમતિ આપી હતી. તેઓ સાહેબે અહીંના રહીશ નહીં છતાં કેળવણીના કાર્યમાં જે મદદ આપી છે તે ખાતર બોર્ડીંગકમીટી તેમનો આભાર માને છે, અને તેમની પવિત્ર ઉદાર વૃત્તિને ધન્યવાદ આપે છે.

બોર્ડીંગના બાંધકામ સંબંધી કાર્ય બહુ કરકસરથી ચલાવવામાં આવેલ છે, અને હાલ સુધીમાં રૂ. ૬૦૮૬॥। ના ખર્ચમાં આ મકાન તૈયાર થયેલું છે. હજુ સો બસો રૂપીયાનું કામ બાકી છે. બોર્ડરોને માટે ખાસ રસોડું જુદું ઉતારવાનું તેમજ બોર્ડર માટે જરૂરનું ફર્નીચર પણ ખરીદ કરવાનું છે તે હવે થોડા વખતમાં થઇ જવા સંભવ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બોર્ડીંગની અંદર ખાસ કરીને મેટ્રીક કલાસના અને કોલેજના અભ્યાસીઓનેજ દાખલ કરવામાં આવનારા છે; પરંતુ જો જગ્યા ફાજલ રહેશે તો ત્યાર અગાઉના અભ્યાસીઓને પણ દરેક ટર્મ માટે બની શકતો લાભ આપવામાં આવશે.

આ બોર્ડીંગહાઉસ ખાસ કરીને જે હેતુ માટે બાંધવામાં આવ્યું છે તે શિવાયના બીજા કોઈ પણ હેતુ માટે મકાનનો કોઇ ભાગ ખાલી હોય તોપણ નહીં વાપરવાનો કમીટીએ ખાસ નિયમ કરેલો છે.

આ બોર્ડીંગહાઉસ બંધાવતાં વેરાઉ સામાન આપવાના સંબંધમાં કેટલીક નુકસાની ખમીને પણ બનતી સગવડ કરી આપનાર પટેલ ત્રિભુવનદાસ હાકેમજીનો કમીટી તરફથી આ પ્રસંગે આભાર માનવામાં આવે છે.

આ બોર્ડીંગહાઉસની અંદર દાખલ થનારા બોર્ડરોને હાલ તરતમાં એક ટેબલ, બે ખુરશી, એક સુવાનો કોચ અને એક દીવાબત્તી આપવામાં આવશે, ઉપરાંત એક રસોયો અને ચાકર ( સિપાઇ ) રાખી આપવામાં આવશે. તેમજ દીવાબત્તીનો ખર્ચ આપવામાં આવશે; તે સાથે રસોઈ પુરતાં વાસણોની તથા ગાદલાની પણ સોઇ કરી આપવામાં આવશે.

આગળ ઉપર ગરીબ સ્થિતિના બોર્ડરોને વધારે લાભ આપવાની પણ ઇચ્છા છે, પરંતુ તે સંબંધી નિભાવફંડ સારૂં થવા ઉપર આધાર છે.

હાલમાં ત્રણ વર્ષને માટે દર વર્ષે નીચે પ્રમાણે રકમ આપવાનું નીચે લખેલા ગૃહસ્થોએ કબુલ કર્યું છે. જેની અંદર હજુ વધારો થવાનો સંભવ છે.

મુકરર થયેલી રકમો નીચે પ્રમાણે—

## નિભાવફંડ ( વર્ષ ત્રણ માટે )

૧૫૦ બાબુસાહેબ રાયબુધસિંહજી બાહાદુર
૭૫ શેઠ રતનજી વીરજી
૭૫ શાહ આણંદજી પુરૂષોત્તમ
૭૫ શાહ ત્રીભુવનદાસ ભાણજી
૭૫ શાહ ખાતે. હા. ત્રીભુવનદાસ ભાણજી
૧૦ માસ્તર શિવાપ્રસાદ
૧૦ શાહ નાનચંદ બહેચરદાસ બી. એ.
૫ શાહ મોતીચંદ ઝવેરચંદ
૧૦ વકીલ બકોરદાસ કકલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦ શાહ અમરચંદ ઘેલાભાઇ
૧૦ શાહ મણીલાલ હઠીસંગ
કુલ રૂ. ૫૦૫ )

મહેરબાન ઉનવાળા સાહેબે આ કમીટીના પ્રેસીડન્ટ તરીકે રહીને અમારી જૈનકોમને બહુ આભારી કરેલ છે, તેથી આ પ્રસંગે તેઓ સાહેબનો આભાર માનવામાં આવે છે.

આપણા નેકનામદાર મહારાજા સાહેબ ભાવસિંહજી બહાદુર કે. સી. એસ. આઇ. અમારી જૈનકોમ પ્રત્યે વારંવાર અત્યંત જોસ ભરેલી લાગણી બતાવ્યા કરે છે, તેને માટે જૈનકોમ્યુનીટી તરફથી તે નામદાર સાહેબનો આ પ્રસંગે આભાર માનવામાં આવે છે.

આપણા નામદાર રાજ્યાધીશ રાજ્યગાદી ઉપર આવ્યા બાદ બહુ ટુંકી મુદતમાં કે. સી. એસ. આઇ. નો માનવંતો ખિતાબ મેળવવા ભાગ્યશાળી થયા છે, તેને માટે તે નામદારની આખી પ્રજા મગરૂર છે. અને અમો વફાદાર જૈનપ્રજા આ પ્રસંગે તે સંબંધી અંતઃકરણનો હર્ષ પ્રગટ કરીએ છીએ.

કેળવણીજ મનુષ્યનું ખરેખરૂં ભૂષણ છે. કેળવણીને લીધેજ મનુષ્ય જગતમાં શોભી નીકળે છે. તે કારણથીજ આપણા નામદાર મહારાજા સાહેબ કેળવણીને અંતઃકરણથી ચાહે છે, તેથી આ કેળવણીને મદદ થઇ શકે તારતે કેળવણીના અંગીભૂત કાર્યને માટે તેઓ સાહેબ લાગણી ધરાવે તે પુરેપુરૂં યોગ્ય છે. અને તેઓ નામદારની શુભદ્રષ્ટિથીજ અમો જૈનપ્રજા કેળવણીને લગતાં આવાં કાર્ય કરવાને શક્તિમાન થઇ શક્યા છીએ, તેમજ આથી અધિક કાર્ય કરવાને શક્તિમાન થવા ઇચ્છીએ છીએ.

છેવટે પરમકૃપાળુ પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ કે આપણા આપણા નામદાર મહારાજા રાજ્યગાદી પર દીર્ઘકાળ તપો, અને આવાં કામ કાર્યો વારંવાર તેમના હસ્તથી થાઓ; આવી ઇચ્છા ધરાવી રીપોર્ટ સમાપ્ત કરીએ છીએ.

ત્યારબાદ શ્રી. મોતીચંદ ઝવેરચંદે નામદાર મહારાજા સાહેબને બોર્ડીંગ હાઉસ ખોલવા માટે પધારવાની વિનંતિ કરી હતી. તે પ્રસંગે જણાવ્યું હતું કે કેળવણીની વૃદ્ધિ થવા માટે ખાસ સહાયભૂત થાય એવું એક આ કાર્ય છે; અને તે પૂર્વે જેમ વિક્રમ, ભોજ, સંપ્રતિ તથા કુમારપાળ રાજા વિગેરે વિદ્યાશાળાઓ તથા દાનશાળાઓ સ્થાપી અમરકીર્તિ કરી ગયા છે તેજ પ્રમાણે તેવા વિદ્યાવૃદ્ધિખાતાને ઉત્તેજન આપનાર આપણા નામદાર મહારાજા સાહેબના હાથથી ખોલાવવાની એટલે કે તેમાં તે નામદારનું આત્મબળ રે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાની અમારી ઇચ્છા છે. ઉત્તમ પુરૂષોએ સ્થાપિત (પ્રતિષ્ઠિત) કરેલ પાષાણ પણ પ્રતિમા તરીકે પૂજ્ય છે, તેમ આ સ્થાન પણ મહારાજા સાહેબના હાથે ખોલવાને લીધે વૃદ્ધિ પામશે એવી અમારી અંતઃકરણની માન્યતા છે.

ત્યારબાદ નામદાર મહારાજાસાહેબ, પ્રિન્સ મંગળસિંહજી, દીવાનસાહેબ, નાયબદિવાન, માજીદિવાન વિઠ્ઠલદાસ, એઈડીકેંપ કાલુભાસાહેબ વિગેરે અધિકારીઓ તેમજ કેટલાએક આગેવાન વ્યાપારીઓ બોર્ડીંગહાઉસ પાસે પધાર્યા હતા. અને શેઠ રતનજી વીરજીએ આપેલી રૂપાની કુંચીવડે રૂપાનું તાળું નામદાર મહારાજા સાહેબે ખોલી બોર્ડીંગહાઉસ ખુલ્લું કર્યું હતું. તે વખતે હાજર રાખવામાં આવેલ બેન્ડે મધુર સરોદ કર્યો હતા. અને ચાંદીના તાળુ કુંચી શેઠ રતનજી વીરજીએ મહારાજાસાહેબને અર્પણ કર્યાં હતાં; જે તાળાની ઉપર નામદાર મહારાજાસાહેબના નામ સાથે બોર્ડીંગ ખોલ્યાની તારીખ વિગેરેનો લેખ કોતરેલ હતો. પછી નામદાર મહારાજાસાહેબે અંદર પ્રવેશ કર્યો હતો; અને નાગરીયા અભેચંદ ગુલાબચંદની પુત્રીએ અંદર કુંભ મૂક્યો હતો. તે વખતે શાસ્ત્રી જનદતજી જૈનમંગળાષ્ટક બોલ્યા હતા. નામદાર મહારાજાએ આખું મકાન ફરીને જોયું હતું, અને બહુ થોડા ખર્ચમાં મકાન તૈયાર થયાનું જાણી વિદ્યાર્થીઓને રહેવા માટે પૂરતી સગવડતાવાળું કહી તેની પ્રશંસા કરી હતી.

બાદ મહારાજાસાહેબ વિગેરે પાછા સમીયાણામાં પધાર્યા હતા. શાસ્ત્રી નર્મદાશંકરે એક ટુંક પણ સગાજનોને આનંદ પમાડનારૂં સંસ્કૃત તેમજ ગુજરાતીમાં ભાષણ કર્યું હતું. તેની અંદર નામદાર મહારાજાએ બીરૂદ જયંતી (કે. સી. એસ. આઇ. નો ચાંદ આપવાની નામદાર ગવર્નર સાહેબના હાથે તા. ૩-૩-૧૯૦૫ ના રોજ થવાની ક્રિયા) કરતાં આ બોર્ડીંગજયંતીને પ્રથમ પદ આપ્યું તે તેઓ સાહેબની પ્રજા તરફની વિશેષ પ્રેમાળ વૃત્તિનુંજ પરિણામ છે એમ જણાવ્યું હતું, તેમજ અક્ષયતૃતીયાની જેવી આ તૃતીયા પણ થાઓ એવો આશીર્વાદ આપ્યો હતો; અને ભાવનગરના રાજ્યમાં ચાલતી સલાહશાંતિને બહુ ઉંચા પ્રકારે વર્ણવી હતી.

ત્યારબાદ મી. મોતીચંદ ગીરધરલાલ કાપડીયા બી. એ. એલ્. એલ. બી. એ નામદાર મહારાજાસાહેબનો અત્રે પધારવાની લીધેલી તસ્દી માટે જૈન કોમ્યુનીટી તરફથી આભાર માન્યો હતો. તે પ્રસંગે ભાવનગર શહેર કેળવણીના સંબંધમાં કોલેજ પણ ધરાવતું હોવાથી તેને અગ્રપદ મળેલું જણાવ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતું, તેમજ ભાવનગરના રાજ્યકર્તા તથા રાજ્યાધિકારીઓની કેળવણી તરફ વર્તતી સુદૃષ્ટિની પ્રશંસા કરી હતી.

પ્રાંતે મે. દીવાનસાહેબ પ્રભાશંકરભાઈ નામદાર મહારાજાસાહેબના ફરમાનથી આભારનો ઉત્તર આપવા ઉભા થયા હતા. તે પ્રસંગે તેઓ સાહેબે જૈનવર્ગે બાંધેલા આ સુંદર મકાનને માટે ધન્યવાદ આપ્યો હતો; અને તેઓએ કેળવણીને ઉત્તેજન આપવાની કરેલી પહેલને માટે તેઓ રાજ્યની મદદ માગે તો માગવાને હકદાર જણાવ્યા હતા. તેમજ બોર્ડીંગના કાયમી નિભાવને માટે સ્થાયી ફંડ કરવાની ખાસ સુચના કરી હતી. સ્વાશ્રયી થવાની દરેક માણસને અગત્યતા છે તેમ જણાવી વિલાયતમાં અપાતી કેળવણી એક શિંગારરૂપ હોવાને લીધે બહુ ઉંચા પ્રકારના પરિણામ લાવવાથી આ દેશમાં પણ તેવા પ્રકારની આવશ્યકતા સૂચવી હતી. વ્યાવહારિક કેળવણી સાથે ધાર્મિક કેળવણી આપવાની જરૂર જણાવી રાજ્ય તરફથી અપાતી કેળવણીમાં તેવી કેળવણી આપવાની અનેક કારણોથી અશક્યતા જણાવી હતી; અને આ બોર્ડીંગહાઉસ આદીશ્વર જૈન દેવાલયની પાસે બાંધવામાં જૈન વર્ગનો અભ્યંતર હેતુ તેવોજ હોવાનું પ્રગટ કર્યું હતું. વિલાયતમાં દરેક નિશાળ પાસે દેવાલય હોય છે એમ જણાવી તેનો દાખલો લેવા સુચવ્યું હતું. છેવટે આવી બોર્ડીંગની આવશ્યકતા જણાવી મહારાજાસાહેબ તરફથી મળેલા ફરમાન અનુસાર ફરીને જૈનવર્ગને સાબાશી આપી તેમણે પોતાનું બોલવું ખલાસ કર્યું હતું.

ત્યારબાદ નામદાર મહારાજાસાહેબને તથા અધિકારી વર્ગ વિગેરેને હાર ગોટા આપી તથા પાનગુલાબ વહેંચી મેળાવડો બરખાસ્ત થયો હતો.

---

# લલિતાંગ કુમાર.

(સાંધણ પા. ૧૪૧ થી)

તે સમયે કુમારની પાસે આપવા જેવી બીજી કાંઇ વસ્તુ હતી નહીં તેથી તેણે પોતાનાં બે નેત્ર પણ (હોડ) માં મુક્યાં, અને એવો ઠરાવ કરી આગળ ચાલ્યા. નજીકમાં જે ગામ આવ્યું તે ગામમાં જઇ કોઇ માણસને પ્રથમ પ્રમાણેજ સવાલ પુછ્યો. ભાવીયોગે ત્યાં પણ એવોજ ઉત્તર મળ્યો. પછી ત્યાંથી તેઓ ગામ બહાર નીકળ્યા, એટલે દુરાત્મા સજ્જન બોલ્યો કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્યવાદિ! ધર્મના પક્ષપાતી! હવે શું કરશો? જો ધર્મેજ જય થતો હોય તો ચક્ષુ કાઢી આપો અને પછી જય કરો.' તે વખતે કુમારે એક વડવૃક્ષ નીચે જઇ મનમાં જરાપણ સંકોચ પામ્યા વિના છરીવડે પોતાનાં બે નેત્ર કાઢી તે પાપાત્માને આપ્યાં. 'હવે અહીં બેઠા બેઠા ધર્મનું ફળ ભોગવજો' એવાં કટાક્ષ વચન બોલી હાંસી કરતો તે દુર્જન ચાલ્યો ગયો, અને કુંવર પરમાત્માનું સ્મરણ કરતો ત્યાંજ બેસી રહ્યો.

**'તે સત્તિણો જે ન ચલંતિ ધમ્મં'** એ વાક્યનો અહીં સત્ય આભાસ થાય છે. આ જગતવાસી જીવો-માણસો પૈસાનો, વૈભવનો, કીર્ત્તિનો કે મોટાઇનો સહજ માત્ર વિનાશ થતો જોઇ અથવા શરીરને સહજમાત્ર કષ્ટ પડતું જોઇ ધર્મથી ચલિત થાય છે, ધર્મને ભૂલી જાય છે અને અન્યાયમાર્ગે પ્રવર્ત્તન કરે છે; એટલુંજ નહીં પણ સત્યધર્મ ઉપરની એક નિષ્ઠા છોડી દઇ ગમે તેવા નીતિવિરૂદ્ધ-ધર્મવિરૂદ્ધ વચનો બોલે છે અને તેવી ક્રિયા કરે છે. તેઓ એટલું પણ સમજતાં નથી કે શરીર, દ્રવ્ય, વૈભવ એ સર્વ નાશવંત છે, પોતાના રાખ્યા રહે તેવાં નથી, અને કીર્ત્તિ, મોટાઇ એ સર્વ ફોગટના ફાંફા તથા આત્માને બંધન કરનારા છે. જો જરા આંખ ઉઘાડી તપાસે, હૃદયચક્ષુ ખોલી વિચારે, મહાત્મા પુરૂષોનો ઉપદેશ સાંભળે અને વસ્તુસ્વરૂપને પીછાણી આ જગતમાં અવતરી પોતાની શું ફરજ છે તેનું કાંઇક જ્ઞાન મેળવે તો ખરી સમજશક્તિ પ્રાપ્ત થઇ સત્ય શું છે તે સમજાય, અને તે માર્ગે પ્રવર્ત્તન કરવા ટેવ પડે. જેઓ સત્યવંત હોય છે, જેઓ આ જગતમાં અવતાર ધારણ કરી પોતાની શું ફરજ છે તે સમજે છે, અને જેઓના હૃદયમાં સદ્‌ગુણોની છાપ પડેલી હોય છે તેઓ તો ગમે તેવા સંકટ સમયે પણ દ્રવ્ય, સ્વજન, વૈભવ, કીર્ત્તિ, મોટાઇ અને શરીર-એ સર્વને વિનશ્વર જાણે છે અને તેથી તે સર્વનો ભોગ આપે છે પણ ધર્મની ટેક છોડતા નથી. તેઓને નિરંતર એવોજ વિચાર આવ્યા કરે છે કે જગતમાં સર્વ પ્રકારના સુખ ધર્મથીજ પ્રાપ્ત થાય છે, તેથી ધર્મનેજ પોતાનું તન, મન, ધન ગણી ધર્મમાર્ગે પ્રવર્ત્તન કર્યા કરેછે. ધન્ય છે એવા મહાત્મા પુરૂષોને!

અહીં ચક્ષુ કાઢવાથી થતી વેદનાને સહન કરતો કુમાર એકલો બેઠો બેઠો વિચાર કરવા લાગ્યો કે 'ધર્મનો પક્ષ કરતાં અથવા સત્ય બોલતાં સંકટ હોયજ નહીં છતાં આ અસંભવીત વાત કેમ બની? પણ દુષ્કર્મના યોગથી શું ન સંભવે? કદાચ મારે કોઇ પૂર્વકૃત દુષ્કર્મનો ઉદય હશે તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ભોગવવોજ જોઇએ. એમાં ધર્મપક્ષ–સત્યપક્ષનો કાંઇપણ દોષ નથી.' એમ નાના પ્રકારના શુભ વિચાર કરતાં સૂર્ય અસ્ત થયો, દિશાઓ શ્યામ થઇ ગઇ, પશુપક્ષીઓ સર્વ પોતપોતાને સ્થાનકે જતા રહ્યાં, અંધકાર છવાઇ રહ્યો અને તે વન નીરવ અને નિર્જન થઇ ગયું. ફક્ત ગિરિગુફાઓમાંથી શિકારી પશુઓના ભયાનક સ્વરો સંભળાવા લાગ્યા. તે સમયે જરાપણ ભય પામ્યા વિના કુમાર પરમાત્માનું સ્મરણ કરતો વેદનાથી ઉંઘ નહીં આવવાથી જાગૃત અવસ્થામાં ત્યાં નીચે ઝાડને અઢેલીને બેસી રહ્યો. એવામાં રાત્રિનો કેટલોક ભાગ વીત્યા પછી તે વડવૃક્ષ ઉપર રહેલા ભારંડપક્ષીઓ વાત કરવા લાગ્યા કે આજે જે કાંઇ આશ્ચર્ય જોયું હોય તે કહો. તે વખતે એક વૃદ્ધ ભારંડ પક્ષી બોલ્યો:—

અહીંથી પૂર્વદિશાએ **ચંપા** નામે નગરી છે. ત્યાં **જિતશત્રુ** નામે રાજા છે. તેને **પુષ્પવતી** નામે એક પુત્રી છે. રાજાને તે જીવિતવ્ય થકી પણ અધિક વહાલી છે. અંગે રૂપવંતી છે, કળામાં પ્રવીણ છે પણ તેને નેત્રનો અભાવ હોવાથી તે સર્વ ફોકટ છે. તે કારણથી રાજા રાણી નિરંતર ચિંતાતુર રહે છે. હમણા કેટલાએક દિવસથી રાજાએ એવો પટહ વજડાવ્યો છે કે–'જે કોઇ રાજકન્યાને દેખતી કરશે તેને તે કન્યા પરણાવવા સાથે અર્ધું રાજ્ય આપીશ.' એથી અનેક દેશના વિવિધ ઉપાયને જાણનારા માણસો ત્યાં આવી પોતપોતાના ઉપાય કરી ગયા પણ અંશમાત્ર ગુણ થયો નથી. આથી રાજારાણી નિરાશ થઇ પ્રાતઃકાળે કાંઇ ભક્ષણ કરશે અર્થાત્ બળી મરશે. હવે ન જાણીએ કે સવારે શું બનશે? અમારે તો પ્રાતઃકાળે ત્યાં શું થાય છે તે જોવા જવું છે.

તે વખતે નાનો ભારંડપક્ષી બોલ્યો–'હે તાત! એની આંખો સાજી થાય તેવો કાંઇ ઉપાય હશે?'

વૃદ્ધ ભારંડે કહ્યું–'જાતિ અંધનો શું ઉપાય? તોપણ મંત્ર ઔષધિનો અચિંત્ય મહિમા છે!'

લઘુ ભારંડપક્ષીએ કહ્યું-'પિતાજી! એ સાજી થાય એવો કાંઇ ઉપાય હોય તે મને કહો.'

વૃદ્ધ ભારંડ બોલ્યો–'એવી વાત સાંભળવાની તારે શું જરૂર છે? એવી ગુપ્ત વાતો રાત્રે કરવી પણ નહીં. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે 'દિવસે તો ગુપ્ત વાતો કરવી પણ રાત્રિએ તો બીલકુલ ન કરવી. કારણ કે સ્થાને સ્થાને ધૂર્ત જનો ફરતા હોય છે, જે તેવી વાતો સાંભળી તેનો દુરૂપયોગ કરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ કહ્યા છતાં પણ નાના ભારંડે આગ્રહ કર્યો તેથી તે બોલ્યો—'આ વડના સ્કંધ ઉપર જે વેલડી વીંટાયેલી છે તેનો રસ અને આપણી હગાર એ બે મિશ્ર કરી તેની આંખમાં રેડે તો નેત્ર નવપલ્લવ થાય.' એટલી વાતો કરીને તે પક્ષીઓ શાંત થયા.

કુમાર તે સઘળી વાત સાંભળતો હતો. તેના મનમાં વિચાર થયો કે 'આ હું શું સાંભળું છું! આ તે સાચું હશે કે જુઠું? મને કોઇ આવી વાત સંભળાવી ફોસલાવે છે કે શું? પણ ક્યાં દૂર છે. હું પોતેજ પહેલાં તેની પરીક્ષા કરૂં.' આમ વિચારી તે વેલડી ગોળી કાઢી અને હગાર પણ લીધા. પછી બંનેનું મિશ્રણ કરી પોતાની આંખમાં નાંખ્યું જેથી તરતજ તેને નવીન નેત્ર પ્રાપ્ત થયાં. પોતે હર્ષ પામ્યો. ધર્મની આસ્થા પ્રથમથીજ હતી, વળી વિશેષ વૃદ્ધિ પામી.

તે વિચારવા લાગ્યો કે આહા! માનવી શું ધારે છે ને શું થાય છે. અજ્ઞાન, સત્સંસ્કાર રહીત અને નબળા મનના માણસો પોતાની શક્તિ ઉપર ફુલાઇ જઇ કેવાં કેવાં અકાર્યો કરે છે. તેઓના મનમાં ધર્મની યાદગીરીજ રહેતી નથી, ધર્મનો ઉપકાર સાંભરતો નથી અને ધર્મને તદ્દન ભૂલી જઇ જાણે જગતમાં સર્વ કાર્યો કરવા પોતેજ શક્તિમાન્ હોય તેમ અસમંજસ વચનો બોલે છે અને અસમંજસ કાર્યો કરે છે. ધર્મીજનોને કાંઇ દુષ્કર્મના યોગે દુઃખ પામતા જોઇ તેઓ હાંસી કરે છે પણ તેઓને ખબર નથી પડતી કે ધર્મ અને નીતિના વર્તનથી કેવી અચિંત્ય સહાય મળે છે! મને આ નિર્જન વનમાં કોણ મદદ કરનાર હતું? માત્ર ધર્મની સહાયથી મને અત્યારે કેવી અણધારી મદદ મળી. કહ્યું છે કે—

**वने रणे शत्रुजलाग्निमध्ये, महार्णवे पर्वतमस्तके वा।**
**सुप्तं प्रमत्तं विषमस्थितं वा, रक्षंति पुण्यानि पुराकृतानि ॥**

"વનને વિષે, રણને વિષે, શત્રુસમૂહની વચ્ચે, જળમાં, અગ્નિમાં, મહા સમુદ્રમાં અથવા પર્વતના શિખર ઉપર–અર્થાત્ ગમે તેવા દુર્ગમ સ્થળમાં, સુતેલાં, જાગતાં અથવા ગમે તેવી વિષમ સ્થિતિમાં માણસની પૂર્વકૃત પુણ્યજ રક્ષા કરે છે."

આ પ્રમાણે વિચારીને પછી તેણે ધાર્યું કે હવે હું ચંપાનગરીએ જઇને રાજકન્યાનાં નેત્ર સજ્જ કરૂં. પછી ત્યાં જવા માટે તે ભારંડપક્ષીની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાંપણમાં પેસીને રહ્યા. જ્યારે પ્રભાતકાળ થયો, સૂર્ય ઉદયાચળ ઉપર આવ્યો, દિશાઓ ઉજ્જ્વળ થઇ, ત્યારે ભારંડપક્ષી ત્યાંથી ઉડી ચંપાનગરીએ ગયા. કુમાર પણ તે ચંપાનગરીના વનમાં પહોંચ્યા પછી ખાંપણમાંથી બહાર નીકળી નજીકના સરોવરમાં સ્નાન કરી, માર્ગે મળેલા સ્વાદુ ફળ ખાઇને નગર તરફ ચાલ્યો. ત્યાં નગરને દરવાજે નીચે પ્રમાણે જાહેરખબર વાંચી–

**जितशत्रोरिदं वाचा, मत्पुत्रीनेत्रदायिने ।**
**राज्यस्यार्द्धं स्वकन्यां च, प्रदास्यामीति नान्यथा ॥**

"જિતશત્રુ રાજાનું એવું વચન છે કે જે કોઇ મારી પુત્રીનાં નેત્ર સાજાં કરશે તેને અર્ધું રાજ્ય અને તે કન્યા હું આપીશ.'

આ પ્રમાણે વાંચીને માર્ગે ઉભેલા રાજસેવકને મુખે કુમારે રાજાને કહેવરાવ્યું કે 'કોઇ વિદ્યાવંત સિદ્ધપુરુષ આવ્યો છે; તે કહે છે કે હું કુંવરીને દિવ્ય નેત્ર આપું.'

રાજાએ તરતજ કુમારને તેડાવ્યો અને પોતે આદરસત્કાર પૂર્વક તેને આલિંગન દીધું. કુમારે કહ્યું-'આટલું બધું કરવાની કાંઇ જરૂર નથી, પ્રથમ કામ હોય તે કહો.' એટલે રાજા બોલ્યો–'આ મારી પુત્રી મને અધિક વહાલી છે. તે સર્વ કળામાં સંપૂર્ણ છે પણ નેત્રના અભાવે ભાગ્યહીન છે. માટે તમારામાં શક્તિ હોય તો તેને નેત્ર આપો.'

કુમારે સુગંધી દ્રવ્યનું મંડળ પૂરાવ્યું, હોમ હવનાદિક કર્યાં, અને એ પ્રમાણે કેટલોક આડંબર કરી પાસે રાખેલી ઔષધિથી ઉપચાર કર્યો એટલે રાજકન્યા દિવ્ય નેત્રવંત થઇ. રાજા ઘણો હર્ષ પામ્યો. તરતજ લગ્નની તૈયારી કરી કુંવરીને કુમાર સાથે પરણાવી અને અર્ધું રાજ્ય આપ્યું. રાજપુત્રી સાથે દેવતાની જેવા સુખ ભોગવતો કુમાર આનંદે ત્યાં રહ્યો.

એક દિવસ કુમાર ગોખમાં બેઠો છે તેવામાં પેલા પાપી સજ્જનને માર્ગમાં જતો તેણે દીઠો. તેનું શરીર કૃશ અને મલિન હતું, આંખો ગળતી હતી, ભુખે પેટ બેવડ વળી ગયું હતું, શરીર ઉપર ફોલ્લાઓ ફુટી નીકળ્યા હતા, અને જાણે મૂર્તિમાન પાપનો પુંજ હોય તેવો દેખાતો હતો. તેને દેખી–ઓળખી કુમારને કરૂણા આવી. સેવકજનને મોકલી તેને બોલાવી પોતાની પાસે બેસારી પુછવા લાગ્યો–'ભાઇ તું મને ઓળખે છે?'

તેણે કહ્યું–'મહારાજ! તમને કોણ ન ઓળખે?'

For Private And Personal Use Only

કુમારે કહ્યું–'એમ નહીં. હું વિશેષ રીતે તને પુછું છું કે તું મને ઓળખે છે?' તે પાપી બોલ્યો–'હું નથી ઓળખતો.'

કુમારે કહ્યું–'જગતમાં જેની આંખો ફોડી તેં એકલો મુકયો તેને કેમ નથી ઓળખતો?' તે સાંભળી તે દુરાત્મા સજ્જન, ભય અને શંકા પામતો વ્યાકુળ ચિત્તે નીચું મુખ કરી બેસી રહ્યો. પછી કુમારે તેનો તે વેષ મુકાવી સ્નાન કરાવી, વસ્ત્ર અલંકાર ભોજન આપી સુખી કર્યો. વળી તેને કહ્યું–'હે સજ્જન! રાજ્ય, ઋદ્ધિ, વૈભવ કે ઐશ્વર્ય પામવાથી શું? જે માણસ પોતાની ઋદ્ધિમાંથી પોતાના સ્વજનોને સંવિભાગ આપી સુખી કરતો નથી તેનું તે પ્રાપ્ત કરવું નિરર્થક છે. માટે તું સુખે અહીં મારી સાથે રહે.'

એક દિવસ કુમારે તેને પુછ્યું 'હે ભાઇ! તારી આવી અવસ્થા કેમ થઇ?' તે બોલ્યો–"તમને વડ નીચે મુકી હું આગળ ચાલ્યો ત્યાં રસ્તે મને ચોર મળ્યા. તેણે મને માર મારી મારી પાસે અશ્વ વિગેરે જે હતું તે સર્વસ્વ લુંટી લીધું. પછી હું ઠામ ઠામ રખડી દુઃખી થયો. કોઇ જગ્યાએ અન્ન પણ મળ્યું નહીં. રખડતો રખડતો હું અત્રે આવ્યો ત્યાં તમે મને બોલાવી સુખી કર્યો. તમે ધર્મનું ફળ પામ્યા અને હું અધર્મનું ફળ પામ્યો. હવે મને રજા આપો."

કુમારે કહ્યું—'ભાઇ! તમે સ્વસ્થ થઇ અત્રે રહો. કાંઈ પણ ચિંતા કરશો નહીં. હું તારી સહાયેજ રાજ્ય પામ્યો છું. માટે આ મારા રાજ્યના અધિકારી તમેજ થાઓ.' એમ કહી તેને ત્યાં રાખ્યો. તે પણ સુખે ત્યાં રહ્યો.

એ બંનેનો પરસ્પર સ્નેહ દેખી ઇંગિત આકારે તેનું હૃદય ઓળખનારી કુમારની સ્ત્રી કુમારને કહેવા લાગી-'હે પ્રભુ! આ પુરૂષ સજ્જન નથી લાગતો, માટે એની સંગત કરવી રૂડી નથી. જો એની ઉપર તમારો રાગ હોય તો એને થોડું ઘણું દ્રવ્ય આપી સુખી કરી રજા આપો. પરંતુ એને પાસે રાખવો તે સર્પને દુધપાન કરાવ્યા જેવું અનર્થકારી દીસે છે. હું સ્ત્રી જાતિ આપને શિખામણ દેવા યોગ્ય નથી પણ તમે અત્યંત ભદ્રક છો માટે મારી એ વિનંતિ સ્વીકારો.' એમ ઘણી રીતે તેણીએ કહ્યું. તે સાંભળી કુમાર ચમકયો પણ ખરો, પરંતુ એકાંત ઉપકારી અને ભલો કુમાર તેની સંગત છોડી તેને રજા આપી શકયો નહીં.

'उपकारीषु यः साधु' એ શ્લોકનો અહીં પૂર્ણ અનુભવ થાય છે. જે સજ્જન પુરૂષો હોય છે તે પોતાની ઉપર ગમે તેવા અપકાર કરનાર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રત્યે પણ સદ્ભાવનાવાળા હોય છે. કોઈનું અનીષ્ટ કરવું એવો તરંગજ તેના મનમાં આવતો નથી. સજ્જન દુર્જનના શરીરમાં કાંઇ ભેદ હોતો નથી પણ તેઓના મનના વિચારો અને વર્તનમાંજ ભેદ હોય છે. દુર્જનોના વિચારો જેમ છળકપટયુક્ત અને બીજાનો અનીષ્ટકારી કાર્યો કરવા તરફ દોડે છે તેમ સજ્જનોના સ્વાભાવિક વિચારોજ પરનું ભલું કરવા તરફ પ્રવર્તે છે. તેઓને પોતાનું અનીષ્ટ કરનાર પ્રત્યે પણ દ્વેષ અથવા વૈર ઉત્પન્ન થતું નથી, પરંતુ તેવાઓનું હિત કરવા તરફ લક્ષ્ય દોડે છે. પારકાએ કરેલા દોષનો ક્ષમા કરવી એજ ઉત્કૃષ્ટ સ્વભાવનું લક્ષણ છે અને તે સ્વભાવ સજ્જન પુરૂષોમાં નિરંતર ઝળકે છે. તેઓને બીજાએ પોતા પ્રત્યે કરેલો દોષ સ્મૃતિમાં પણ આવતો નથી, પરંતુ પોતાને કોઇએ ગુણ કર્યો હોય તે વાત હૃદયમાં શિલાલેખ પરે જડાઇ પ્રત્યુપકાર કરવાની નિરંતર ઇચ્છા પ્રવર્તે છે.

આપણી પ્રત્યે કોઇ અન્યાયથી અથવા દુષ્ટ રીતે વર્તે ત્યારે આપણે તેના પ્રત્યે ક્ષમા રાખવી એજ ઉત્તમ રીતિ છે; છતાં માણસો કેટલીકવાર અન્યાયનો બદલો અન્યાયથી આપવા વિચાર કરે છે એ તેઓના મનની નબળાઇ છે. કારણ કે આ જગતમાં કોઈ કોઇનું અનીષ્ટ કરી શકતુંજ નથી, સૌસૌના કર્મ પ્રમાણે સૌને ફળ મળે છે, બીજાઓ તો માત્ર નિમિત્તભૂત થાય છે. ત્યારે એવી રીતે બીજાઓનું અનીષ્ટ કરવામાં નિમિત્તભૂત થઇ પોતે પાપબંધન કરવું એ કોણ પસંદ કરે? પરંતુ માણસ અજ્ઞાન અને મોહથી એ વાત સમજતા નથી, અને 'બધળું હું કરૂંછું' એવું ધારી ફોકટ કાંઇ ભારી પાપબંધન કરે છે. સજ્જન પુરૂષોના હૃદયમાં આ વાતની સજ્જડ છાપ પડી ગઇ હોય છે અને તેથી તેઓ બીજાનું અનીષ્ટ કરવામાં પ્રવૃત્તિ કરતાજ નથી એટલુંજ નહીં પણ નિરંતર પ્રાણી માત્રનું ભલું કેમ થાય એવા વિચાર તેઓના હૃદયમાં આવે છે.

લલિતાંગ કુમારમાં પણ એવીજ સજ્જનતા હતી, તેથી તેના મનમાં દુરાત્મા સજ્જન પ્રત્યે જરા પણ અભાવ આવ્યો નહીં અને તેને પોતાની પાસેજ રાખ્યો.

એક દિવસ કુમારના સસરાએ સજ્જનને પુછ્યું-'તમારે અને કુમારનો પરસ્પર આટલો બધો સ્નેહ કેમ છે? એનો અને તમારો દેશ કયો? જાતિ કઇ? તમે બંને ક્યાંથી આવ્યા છો? અને તમારા માતાપિતા કોણ છે?'

દુર્જનોના મનજ પાપથી કલુષિત હોય છે અને તેથી તેના મનમાં સદ્વિચારો આવતાજ નથી. તે પાપાત્માના મનમાં આ વખતે એવો વિચાર

For Private And Personal Use Only

આવ્યો કે 'પૂર્વનું વૈર સંભારી કુમાર કદાચ મારૂં અશુભ કરશે અથવા મને કાઢી મુકશે; માટે અહીં હું નિકંદન કરૂં.' એમ ચિંતવી તે બોલ્યો-'રાજન્! એ વાત કહેવા જેવી નથી.' શંકા પડવાથી રાજાએ આગ્રહ કરીને પુછ્યું એટલે તે પાપી બોલ્યો-'મહારાજ! શ્રીવાસ નગરના નરવાહન રાજાનો હું પુત્ર છું. એ મારો ચાકર છે. શરીર રૂપવંત અને કોઇ સિદ્ધ પુરૂષની પાસે વિદ્યા શીખ્યો એટલે પોતાની નીચ જાતિથી લજ્જા પામી દેશાંતર નીકળ્યો. અનુક્રમે ભમતો ભમતો અહીં આવ્યો. તેને પુણ્યયોગે તમે પુત્રી પરણાવી અને અર્ધ રાજ્યલક્ષ્મી આપી. હું પણ પિતાના પરવશપણાને નહીં સહન કરવાથી દેશાંતર નીકળ્યો. ફરતો ફરતો અહીં આવ્યો ત્યાં તેણે મને ઓળખી બોલાવી પોતાની પાસે રાખ્યો. તેની નીચ જાતિની તમોને ખબર ન પડે અને ફજેતી ન થાય એટલા માટે તે મારા પ્રત્યે વિશેષ પ્રેમભાવ રાખે છે.'

સજ્જનની સજ્જનતા અને દુર્જનની દુર્જનતા જુઓ! નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે—

न जारजातस्य ललाटशृंगं ।
कुलप्रसूतस्य न पाणिपद्मं ॥
यदा यदा मुञ्चति वाक्यबाणं ।
तदा तदा जातिकुलप्रमाणं ॥ १ ॥

"નીચ જાતિમાં જન્મેલા માણસોના કપાળમાં કાંઇ શીંગડાં હોતાં નથી અને ઉચ્ચ કુળમાં જન્મેલાના હાથમાં કાંઇ કમળ ઉગેલાં હોતાં નથી; પણ જેવાં જેવાં તેના વચનો તેના હૃદયના ઉદ્ગારો-નીકળે છે તેવું તેવું તેના જાતિકુળનું પ્રમાણ સમજવું."

અહીં પાપાત્મા દુર્જનનાં જે વચનો નીકળ્યાં તે ઉપરથીજ ડાહ્યો માણસ હોય તે તેનો ભાવ સમજી શકે તેવું છે; પરંતુ 'રાજાઓને કાન હોય છે પણ સાન હોતી નથી' એ કહેવત પ્રમાણે રાજા આ વાત સાંભળી આકુળ વ્યાકુળ થઇ ગયો; અને જમાઇનો કઇ રીતે નિગ્રહ કરવો તે વિષે તર્ક વિતર્ક કરવા લાગ્યો. પોતાના સુમતિ નામના પ્રધાનને બોલાવી પોતાનો તે વિચાર જણાવ્યો. પ્રધાને ઘણી રીતે સમજાવ્યો પણ રાજા સમજ્યો નહિ. પછી પોતાના ચાકરોને હુકમ કર્યો કે 'આજે રાત્રે ઘરના જવા આવવાના માર્ગે વચ્ચે તમે સંતાઇ રહેજો, અને મધ્યરાત્રે કુમારને જતો આવતો દેખો કે મારી નાખજો.' ચાકરોએ તે વાત પ્રમાણે કરી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી જ્યારે મધ્યરાત્રિનો સમય થયો ત્યારે રાજાએ કુમારને બોલાવવા પોતાનો એક અનુચર મોકલ્યો. તેણે જઈ કુમારને કહ્યું-'હમણાં કાંઈ જરૂરનું કામ છે, માટે રાજાજી તમને મહેલના મધ્ય માર્ગે થઈ સત્વર બોલાવે છે.' કુમાર તરતજ તૈયાર થયો અને જેવો મહેલને નીચે ઉતર્યો, તે વખતે તેના સાથીએ કહ્યું-'સ્વામીનાથ! તમે ડાહ્યા, ચતુર અને નીતિના જાણ છો; તેથી આવી અંધારી રાત્રે કોઈનો વિશ્વાસ કરી જવું યુક્ત નથી; માટે પ્રથમ તમારો મિત્ર સજ્જન સર્વ કામમાં સાવધાન છે તેને મોકલી ખબર કઢાવો; પછી જરૂર હોય તો તમે જજો.' તે સાંભળી કુમારે સજ્જન સુતો હતો ત્યાંથી ઉઠાડી તેને વાત કરી રાજાજી પાસે જવા કહ્યું. તે પણ હર્ષ પામતો સત્વર ચાલ્યો. રસ્તામાં રાજસેવકોએ તેને કુમાર જાણી મારી નાખ્યો, અને 'स्वचातं हतं घातयति' 'પાપ બોલતું નથી પણ બોલે છે' એ કહેવત મુજબ થયું. કલકલાટ સાંભળી કુમારે ખબર કઢાવી તો તે પાપાત્મા મરણ પામ્યાનું જણાયું, કુમાર એથી બહુજ દીલગીર થયો. તેના સાથીએ કહ્યું-'પ્રાણનાથ! આપે મ્હારું કહ્યું ન માન્યું હોત તો મારી શી ગતિ થાત?' કુમારને તપાસ કરતાં રાજાનું કપટ જણાયું, તેથી તેને બહુજ ગુસ્સો આવ્યો એટલે પોતાના સૈન્ય સહિત સજ્જ થઈ તે નગર બહાર નીકળ્યો. રાજા પણ કોપાટોપ વડે યુદ્ધ કરવા બહાર આવ્યો. તે સમયે પ્રધાને રાજાને ઘણી રીતે સમજાવ્યો કે 'હે રાજન્! કોઈ પણ કાર્ય વગર વિચાર્યે કરવાથી પાછળથી બહુજ પશ્ચાત્તાપ થાય છે. કુમાર ગુણવાન્ છે માટે તમે પ્રથમ તેને પુછી પરીક્ષા કરો, પછી જે કરવું ઘટે તે કરજો.'

રાજાના હૃદયમાં પ્રધાનના કહેવાથી કાંઈક અસર થઈ તેથી તેણે પ્રધાનનેજ કુમાર પાસે મોકલ્યો. તેણે જઈ કુમારને પુછ્યું-'આપની જાતિ, કુળ, ગામ વિગેરે કૃપા કરી કહો.' કુમારે કહ્યું-'જાતિ કુળ સર્વે મ્હારી ભુજા બતાવશે; હાલ કહેવાની જરૂર નથી.'

પ્રધાન—'તમે ગુણવાન્ છો, વિચક્ષણ છો, અને ઇંગિત આકારે જણાય છે કે ક્ષત્રિય છો. પરંતુ તમારા દુષ્ટ અને પાપી મિત્રે રાજાની પાસે વિરૂદ્ધ બોલી તેમને શંકામાં નાખ્યા છે. માટે અમે તમને નમ્રતા પૂર્વક પુછીએ છીએ કે ખરી હકીકત જણાવો. જેથી શંકા ટળી જઈ સર્વ વાતનું સમાધાન થાય.'

કુમાર ખરી હકીકતનું રહસ્ય જાણી ખુશી થયો, અને ક્રોધને શાંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી સર્વ સત્ય વાત જણાવી. પ્રધાને રાજા પાસે જઈ સર્વ વાત નિવેદન કરી. રાજા પોતાના ઉતાવળા અને વગર વિચાર્યા કામને માટે પસ્તાયો અને ઝાંખો પડ્યો. સત્ય વાતથી સર્વનાં દિલ રાજી થયાં, અને પરસ્પર સ્નેહ હતો તેવો પ્રગટ થયો. રાજાએ શ્રીવાસ નગરે દૂત મોકલી કુમારના કુશળ સમાચાર કહેવરાવ્યા. કુમારના માતા પિતાએ કુમારના ઘણા દિવસથી કાંઈ ખબર નહીં મળવાથી અનેક તર્ક કર્યા હતા તે શાંત થયા, અને કુમારના કુશળ સમાચારથી બહુજ આનંદ પામ્યા. તેમણે પોતાના પ્રધાનને જિતશત્રુ રાજા પાસે ભેટણા સહિત મોકલ્યો. અને કુમારને તેણે પોતાના રાજ્યમાં રાખ્યો તેને માટે મનહારી ઉપકાર જણાવ્યો. જિતશત્રુ રાજા આ સર્વ હકીકત જાણી બહુજ દિલગીર થયો અને વિચારવા લાગ્યો કે ' એક હલકા માણસના કહેવા ઉપરથી નરરત્ન મેં જે અનર્થ કરવા ધાર્યો હતો તે કર્યો હોત તો શું પરિણામ આવત ! ઘણાં વખત માણસો આવેશમાં આવી જેવાં તેવાં માણસોના કહેવાથી અકાર્ય કરે છે અને પાછળથી પસ્તાય છે તેવી મારી દશા થાત ! ' આવો વિચાર કરી પોતાના અપરાધ માટે કુમાર પાસે વારંવાર ક્ષમા માગવા લાગ્યો. દયાળુ કુમારે તેમને તેમ કરતાં અટકાવી તે કાર્યમાં પોતાના ભાગ્યનો દોષ કાઢી તેમને નિરપરાધી જણાવ્યા પછી રાજાએ અર્ધ રાજ્ય તો કુમારનું હતું અને બીજું પોતાનું અર્ધ રાજ્ય પણ કુમારને આપવા આગ્રહ કર્યો. કુમારે ઘણી અનિચ્છા બતાવી પણ રાજા સમજ્યો નહીં; અને સર્વ રાજ્ય કુમારને સોંપી રાજ્યાભિષેક કરી પોતે તપોવનમાં જઇ તાપસ થયો.

હવે લલિતાંગ કુમાર ન્યાયપૂર્વક પ્રજાનું પાલન કરવા લાગ્યો, અને પુણ્યબળથી અધિક શોભાને પામ્યો. કેટલાક દિવસ પછી રાજ્ય મંત્રીશ્વરને સોંપી પ્રજાજનની રજા લઇ રાણી પુષ્પાવતીની સાથે માતા પિતા પાસે જવા નીકળ્યો. તેઓ અવિચ્છિન્ન પ્રયાણે ચાલતાં પોતાની જન્મભૂમિએ પહોંચ્યા. માતા પિતાને ખબર પડવાથી તેઓ બહુજ હર્ષિત થયા, આડંબરથી પ્રવેશમહોત્સવ કર્યો. પિતા પુત્રે પરસ્પર સ્નેહનાં વચનો કીધાં અને હર્ષના આંસુ આવ્યાં. ઘણે દિવસે મેળાપ થવાથી પરસ્પર આનંદ પામ્યા. કેટલાએક દિવસ એક સાથે આનંદમાં રહ્યા પછી કુમારે કહ્યું—' હે પિતાજી ! ચંપાનગરીનું રાજ્ય કોઇ સામંતને મોકલી આપના સ્વાધિનમાં લ્યો-હું આપને આધિન રહી અત્રે આપની છાયામાં સુખે રહીશ. '

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પિતાએ કહ્યું-' વાહ ! તેં તો મારૂં કુળ અજવાળ્યું. તારૂં સાહસ, તારી ઉદારતા, તારી સજ્જનતા, તારી ધર્મટેક, તેને માટે તું પ્રશંસનીય છે. તારા જેવો પુત્ર હોવાથી અમે પણ ધન્ય છીએ; હવે તારૂં રાજ્ય લેવાથી સર્યું. હવે તો તે રાજ્ય તથા આ રાજ્ય બંને તું સુખે ભોગવ અને ન્યાયપૂર્વક પ્રજાનું પાલન કર; અમે તો ગુરૂ મહારાજ સમીપે જઇ ચારિત્ર લેશું.' કુમારે ઘણો આગ્રહ કર્યો પણ પિતાએ પોતાની હઠ પકડી રાખી કુમારને રાજ્યાભિષેક કર્યો; અને પોતે ગુણવંત આચાર્ય પાસે જઇ ચારિત્ર અંગીકાર કર્યું. અનુક્રમે આગમનો અભ્યાસ કરી ગીતાર્થ થયા. ગુરૂએ પણ યોગ્યતા જાણી આચાર્યપદ આપ્યું; શુદ્ધ ચારિત્ર પાળતા તે રાજર્ષિ વિચરવા લાગ્યા.

અહીં લલિતાંગ કુમાર પ્રજાવર્ગને ઉત્તમ ન્યાય નીતિ અને રાજનિપુણતાથી સુખ આપતો, નિરંતર ધર્મારાધનમાં તત્પર રહેતો અને પોતાના ઉત્કૃષ્ટ વર્તનથી બીજાને ઉત્કૃષ્ટ માર્ગે પ્રવર્તન કરવા પ્રેરતો સુખે રાજ્ય પાળવા લાગ્યો. એક દિવસ ઉદ્યાનપાલકે આવી વધામણી આપી કે 'નરવાહન રાજર્ષિ ઉદ્યાનમાં પધાર્યા છે.' પોતે બહુજ ખુશી થઇ પરિવાર સહિત વંદન કરવા ગયો. મુનિ મહારાજાએ પણ મહાવ્રત રૂપી ધર્મની પ્રરૂપણા કરી, સમ્યક્ત્વ મૂળ બાર વ્રતનું પણ વિવેચન કરી અમૃત સમાન ધર્મદેશના આપી રાજાએ દૃઢ ચિત્તે સમકિત અંગીકાર કર્યું.

પ્રથમથીજ ધર્મટેક દૃઢ તો હતીજ પરંતુ તે કરતાં પણ અધિક દૃઢતાથી ધર્માચરણ કરતો કુમાર સાત ક્ષેત્રે દ્રવ્ય વાપરવા લાગ્યો; સ્વધર્મી જનોની ભક્તિ કરવા લાગ્યો; એક સુંદર પ્રાસાદ બંધાવી તેમાં શ્રી ઋષભદેવ સ્વામીના બિંબની પ્રતિષ્ઠા કરી ત્યાં નિરંતર સ્નાત્રપૂજા કરવા લાગ્યો. એમ પોતાની જીંદગીનો ઘણો ભાગ ધર્મકાર્યો કરવામાં, તથા ધર્મમાર્ગે પ્રવર્તન કરવામાં પૂર્ણ કરી છેવટે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થયેલી જાણી પુત્રને રાજ્ય સોંપી સંપૂર્ણ ચારિત્ર ધર્મ અંગીકાર કર્યો. તેમાં છઠ્ઠ અઠ્ઠમાદિક તપસ્યા કરી, ઉપસર્ગાદિક સહન કરી પ્રાંતે અનશન આદરી મૃત્યુ પામીને ચતુર્થ દેવલોકે ગયા. પુણ્યના યોગથી ત્યાંથી ચવી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યાવતાર પામી મોક્ષલક્ષ્મી સંપાદન કરશે.

વાંચનાર ! આ નહાની પણ સુંદર વાર્તા લક્ષપૂર્વક વાંચવામાં આવે તો કેવો સુંદર બોધ આપે છે કે સદા નીતિ અને ન્યાયપૂર્વક વર્તન કરવું, દીનજનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રત્યે દયા રાખવી, અપકાર કરનાર પ્રત્યે પણ ઉપકારબુદ્ધિ ધરાવવી અને પ્રાણાંતે પણ ધર્મની ટેક છોડવી નહીં એ આ કથાનો સાર છે. એમાંથી યત્કિંચિત્ પણ સાર ગ્રહણ કરવામાં આવશે તો વાંચવાના પ્રયાસની સાર્થકતા થશે. તથાસ્તુ !

# તીર્થયાત્રાની આવશ્યકતા.

શાસ્ત્રકારે તીર્થયાત્રા કરવાનું વારંવાર સૂચવ્યું છે અને તે અનુસાર શ્રાવક શ્રાવિકાઓ તેમજ સાધુ સાધ્વીઓ અનેક તીર્થોની યાત્રાઓ કરે છે તેમાં અનેક પ્રકારના લાભ સમાયેલા છે. **યાત્રા** શબ્દ બહુધા સ્થાવર તીર્થની યાત્રામાં વપરાય છે પરંતુ જંગમ તીર્થની પણ યાત્રા કહી શકાય છે, ઉત્તમ મુનિરાજને વાંદવા માટે તે જ્યાં હોય ત્યાં જવું અથવા શ્રી સંઘની સામે જવું તે પણ યાત્રા છે.[1] સાંસારિક કાર્યો તજીને યાત્રા કરવા માટે નીકળવાની ઇચ્છા થતાંજ અધ્યવસાયની નિર્મળતા થવાથી અશુભ કર્મોનો ક્ષય થાય છે. તીર્થયાત્રા માટે જે તીર્થે જાય છે ત્યાં માર્ગમાં યાત્રીઓ ભેગા થાય છે તેમના પ્રસંગથી પણ બહુ પ્રકારના લાભ થાય છે. હાલમાં બહુધા ભદ્રપરિણામી જીવો યાત્રા વધારે કરતા દેખાય છે પરંતુ યાત્રા પ્રસંગનો લાભ તો દરેક સ્થિતિનાને દરેક પ્રકૃતિના જૈનો ઓછો વત્તો લેજ છે. તેથી યાત્રાના પ્રસંગમાં ગુણી અથવા જ્ઞાનીની શોધ કરનારા યાત્રાળુઓને તેવા પુરૂષો મળી આવે છે અને તેવાના પ્રસંગમાં અમુક વખત અને તે પણ ધાર્મિક પ્રવૃત્તિમાં રહેવાથી અનેક પ્રકારની નવી સમજણ મળે છે, ધાર્મિક શ્રદ્ધા દૃઢ થાય છે, તીર્થયાત્રાના હેતુ સમજાય તે યાત્રા રસરૂપ થાય છે અને આત્મા કર્મથી હલકો થાય છે.

શાસ્ત્રકાર કહે છે કે "તીર્થે જતાં માર્ગમાં જે રજ ઉડીને પોતાને શરીરે ચોટે છે તે કર્મની રજને ખંખેરે છે એટલે કે આત્માને કર્મ રજરહિત

---

૧ જૈનકોન્ફરન્સ જ્યાં મળે ત્યાં જવું તેનો આમાં સમાવેશ છે.

For Private And Personal Use Only

કરે છે; તીર્થમાં પરિભ્રમણ કરનાર મનુષ્ય ભવમાં પરિભ્રમણ કરતો નથી: તીર્થમાં દ્રવ્ય વાપરનારની લક્ષ્મી સ્થીર થાય છે અને તીર્થમાં પરમાત્માની પૂજા કરનાર પ્રાણી પરિણામે પોતે પણ પૂજનિક થાય છે." આ કાવ્યમાં શાસ્ત્રકારે ઘણું રહસ્ય સમાવેલું છે. તીર્થ એટલાજ કારણથી કહેવાય છે કે ત્યાં અનેક મુનિઓ સિદ્ધિપદને પામેલા હોય છે તેમના શરીરના પરમાણુઓ ત્યાં વિખરેલા હોય છે તેવા પરમાણુઓ પોતાને શરીરે લાગવાથી તે પોતાને પણ કર્મ વિમુક્ત થવાના કારણભૂત થાય છે. આવા પરમાણુઓ જ્યાં ત્યાં મળી શકતા નથી. આ તીર્થયાત્રાનો ખાસ હેતુ છે. પાસે દ્રવ્ય જ્યાં તે [illegible] પણ તીર્થયાત્રાના પ્રસંગમાં દ્રવ્ય વાપરે છે. બીજા [illegible] આ પણ તીર્થયાત્રા થવા અનેક લાભો પૈકી એક લાભ છે.

આ પ્રાણીએ પોતાને જો પૂજનિક થવું હોય તો તે પરમાત્માની પૂજાથીજ થઇ શકાય છે. પોતાને સ્થાને રહેનાર શ્રાવક પણ જોકે જિનપૂજાદિ કરણી કરે છે પરંતુ તીર્થે વધારે આહ્‌લાદથી, ઉત્તમ ઉત્તમ ઉપકરણોથી અને વિશેષ વિધિથી જિનપૂજાદિ થાય છે અને તેથી ત્યાં વિશેષ પુણ્યબંધ થાય છે તેવા રૂપોની હકીકત છે. જોકે પરમાત્માના બિંબ તો સઘળે સમાનજ હોય છે પરંતુ વધારે પ્રાચીન અને વધારે ચમત્કારિક પ્રભાવશાળી જિનબિંબ હોવાથી તેમ વધારે વખત રહેલા હોય છે તેમ તીર્થે રહેલા જિનબિંબના દર્શન કરતાં વધારે શુભ ભાવ ઉત્પન્ન થાય છે. વળી પોતે જે તીર્થભૂમિમાં રહેતા હોય છે તે અતિ પરિચયથી તે તીર્થ પ્રત્યે પ્રમાણ આદર રહેતો ન હોવાથી તેણે બીજા તીર્થોએ યાત્રા કરવા જવાની આવશ્યકતા છે. પરંતુ આત્મશક્તિ વિશેષ પ્રગટ થયા પછી તેવી સ્થિતિમાં આવે છે કે તેને સર્વત્ર તીર્થભૂમિ ભાસે છે અને જ્યાં રહે છે ત્યાં આત્માને નિર્મળ કરી શકે છે. આત્માને તેવી સ્થિતિ પ્રાપ્ત કરાવવા માટે પ્રથમ તીર્થયાત્રાની જરૂર છે.

વળી ઉત્તમ મુનિઓની જેમ ઉત્તમ શ્રાવકો પણ તીર્થયાત્રા કરતાં બીજા અનેક જીવોના આલંબનભૂત થાય છે. પોતાના પ્રસંગમાં જે જીવો આવે છે તેનું અનેક પ્રકારે હિત કરે છે. સ્થાને સ્થાને સદુપદેશની વૃષ્ટિ કરે છે અને તેનો લાભ લેનારા જૈનબંધુઓનું યોગ્યતા અનુસાર હિત થાય

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. ગૃહસ્થના પ્રસંગમાં વિશેષ રહેવાથી થોડા વખતમાં કયો જીવ કેવા પ્રકારના ઉપદેશને યોગ્ય છે, તેને કઈ બાબતમાં પ્રેરણા કરવા જેવું છે અને કયા પ્રકારની તેની પ્રવૃત્તિ રોકવા યોગ્ય છે તે ગૃહસ્થ તરતમાં સમજી જાય છે અને પછી યોગ્યતા અનુસાર ઉપદેશ આપવાથી થોડા વખતમાં તે પોતાના પ્રસંગમાં આવનારનું હિત કરી શકે છે. ઉત્તમ જીવોએ તો દરેક પ્રસંગે સ્વપરહિતની વિચારણા કરવી જોઈએ. કેટલીક વખત તો પરહિતમાંજ સ્વહિત સમાયેલું હોય છે. પોતાનું કુટુંબ કે પોતાના સ્ત્રી પુત્રાદિ જો ધાર્મિક વૃત્તિવાળા હોય છે અથવા થાય છે તો તેઓ ધાર્મિક પ્રવૃત્તિમાં અનુકૂળ થવાથી કેટલો બધો લાભ વિશેષ મેળવી શકાય છે તે દેખીતું છે.

જૈન યાત્રાના પ્રસંગમાં પાળવાની છ રીનું સ્મરણ તો અવશ્ય કરવું જોઈએ. અને તેમાંથી બની શકે તેટલી **રી** પાળવી જોઈએ. કદી **પાદચારી** ન થવાય તોપણ **ભૂમિસંથારી** ને **બ્રહ્મચારી** તો અવશ્ય રહેવું જોઈએ તેમજ બની શકે તો **સચિત્તપરિહારી** ને **એકલઆહારી** પણ થવું જોઈએ તે સાથે **આવશ્યક દ્વયકારી** એટલે કે બની શકતા સુધી સવારસાંજ પ્રતિક્રમણ કરવાં જોઈએ, યાત્રા કરવા નીકળવું તે કાંઈ દેશ જોવા નીકળવું નથી અથવા ખાવા પીવાના કે બીજા પ્રકારના મોજશોખ ભોગવવા નીકળવું નથી પણ જેવી કરણી ઘરે રહ્યા બની શકતી નથી તેવી ધર્મકરણી કરવા માટે નીકળવાનું છે, તે છતાં એમ જોવામાં આવે છે કે કેટલાક યાત્રિઓ યાત્રા પ્રસંગમાં ઉલટાં વધારે ખાવાપીવામાં મશગુલ બને છે, દર્શનપૂજન જેમ તેમ પતાવી શહેર જોવા વિગેરેમાં બાકીના બધા વખતનો ભોગ આપે છે, સચિત્ત પદાર્થો-વનસ્પતિ વિગેરેનું ઉલટું વધારે ઉપમર્દન કરે છે અને ઘરે બે ટંક ખાતા હોય છે તો યાત્રામાં ચાર ટંક ખાય છે, આથી યાત્રા ફળિભૂત થઈ શકતી નથી. ઉપરાંત યાત્રાના વખતમાં સ્ત્રી સેવન કરનાર પ્રાણી તો લાભને બદલે તોટોજ મેળવીને આવે છે તેથી ઉપર જણાવેલી છ **રી** સંબંધી ઉપયોગ દરેક યાત્રામાં દરેક યાત્રાળુઓએ કરવો અને બની શકે તેટલી **રી** જરૂર પાળવી.

યાત્રા કરીને આવે ત્યારે તેણે યાત્રા કરી છે કે ફોગટ ફેરો માર્યો છે તેની પરીક્ષા ખરેખરી તો તેના પરિણામની શુદ્ધિ ઉપરથીજ થાય છે યાત્રા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાથી પ્રણામ નિર્મળ થવાજ જોઇએ અને તેથી યાત્રા કરીને આવ્યા બાદ તેની કષાય જન્મ પ્રવૃત્તિમાં ફેર પડી જવો જોઇએ. તે તેવો ફેર ન પડે તો એક પરીક્ષકે પોતાના દુષ્ટ સ્વભાવના મીત્રની સાથે યાત્રા કરવા મોકલેલી અને દરેક તીર્થે સ્નાન કરાવીને લાવવાનું કહેલી કડવી તુંબડીની સ્થિતિ જેવી તેની સ્થિતિ ગણાય. એક મિત્રે પોતાના મિત્રને યાત્રા કરવા જતાં સાથે એક કડવી તુંબડી આપી હતી અને તેને દરેક તીર્થે સ્નાન કરાવવાની ભલામણ કરી હતી મિત્રની ભલામણ પ્રમાણે અમલ કરનાર યાત્રીએ તેને દરેક તીર્થે પાણીમાં ઝબોળી હતી. યાત્રા કરીને આવ્યા બાદ પેલા મિત્રના સ્વભાવમાં ફેર ન પડવાથી પેલા હિતેચ્છુ મિત્રે કડવી તુંબડીનો સ્વાદ ચખાડી તેને બતાવી આપ્યું હતું કે તમે આવી યાત્રા કરી છે અ-ર્થાત્ જેમ આ જડ તુંબડીના કડું સ્વભાવમાં ફેર પડ્યો નથી તેમ તમારા સ્વભાવમાં પણ ફેર પડ્યો નથી. ઉત્તમજીવોએ આવી યાત્રા ન કરવી પણ જે પ્રકારે પોતાની વૃત્તિ નિર્મળ થાય તેવી યાત્રા કરવી યાત્રા પ્રસંગમાં જેમ કેટલાક યાત્રીઓ અમુક અમુક વસ્તુઓનો ત્યાગ કરે છે-બાધા લે છે તેમ ખરી યાત્રા કરવાના ઇચ્છકે પોતાની નિરંતરની પ્રવૃત્તિમાં જે બાબત અથવા જે વિચાર તજવા યોગ્ય હોય તેને યાત્રા પ્રસંગને અંતે ત્યજી દઇને સારો દાખલો બેસાડવો જોઇએ.

દરેક યાત્રાળુઓએ આ વિષય લક્ષ પૂર્વક વાંચવો એટલી આ લેખ-કની નમ્રવિનંતી છે કે જેથી લેખકનો પ્રયાસ સફળ થશે.

તથાસ્તુ.

## જૈન કોન્ફરન્સ હેરલ્ડ.

આ પત્ર હાલમાંજ દેખાવ આપ્યો છે સને ૧૯૦૫ના જાન્યુવારીથી તેની શરૂઆત ગણવામાં આવી છે અને તેના બે માસનો ભેળો અંક બ-હાર પડ્યો છે. આઠ પેજી રોયલ કદ રાખવામાં આવ્યું છે દર માસે બે ફારમ આપવાના ધાર્યા જણાય છે પરંતુ તે કદમાં વધારો કરવાની આવશ્યકતા છે લેખકની સંખ્યામાં વધારો થવાથી અને ગ્રાહકની સંખ્યાનો નિર્ણય થવાથી તેમ થવા સંભવ છે. હાલમાં નીકળેલા માસિકને જોઇ અમારૂં દિલ બહુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હર્પિત થયું છે. અમે એનો જન્મ થવાની રાહ જોઈ રહ્યા હતા. અમે અંતઃકરણથી તેને ધન્યવાદ આપીએ છીએ અને આશા રાખીએ છીએ કે સારા સારા લેખકોના લેખ દાખલ થવાથી દિનપરદિન તે વધારે શ્રેષ્ટ પંક્તિમાં આવશે અને આપણી માનવંતી કોન્ફરન્સની દરેક હિલચાલમાં તે એક અચ્છું મદદગાર થઈ પડશે.

આ પત્રને જોતાંજ જૈન પત્રે તેના સબંધમાં કેટલીક ટીકા કરી છે પણ અમે તે પસંદ કરતા નથી આવા માસિકની આવશ્યક્તા આખા જૈનસંઘે પ્રથમથી સ્વીકારેલી છે અને તેને વધારે મહત્વવાળું કરવું તે આપણી ફરજ છે. આપણે તેને મહત્વવાળું કરી શકીએ છીએ હજુ તોલમાં પેલી પુણી છે ત્યાંથી તેને માટે આપણા મુગ્ધવર્ગમાં નિરાદર બુદ્ધિ ઉત્પન્ન કરવી તે કરતાં તેને માટે યોગ્ય સૂચનાઓ આપી આપણા જૈનવર્ગને તેના ગ્રાહક તરિકે કાયમ થવા વિજ્ઞપ્તિ કરવી એ આપણી ફરજ છે. આ કોઈનું અંગત પત્ર નથી કે તેમાં કોઈનો સ્વાર્થ નથી. જન્મતું બાળક આપણે ધારીએ તેવું ચાલાક હોતું નથી પરંતુ કેળવાયેલા મા બાપના હાથમાં ઉછરવાથી તે ચાલાક થઈ શકે છે. આ માસિક પણ એક બચ્ચું છે તો આગળ ઉપર જરૂર તે સારો લાભ આપશે એવો સંભવ છે કારણ કે તેના ઉત્પાદકો સુજ્ઞ છે.

આ પત્રના ગ્રાહક થનારા બંધુઓએ બીજા માસિકોની જેમ તેમાં બધા લેખ આવશે તેમ માનીને ગ્રાહક નહીં થતાં કોન્ફરન્સને આ મિષે નાની સુની મદદ આપવા માટે તેમજ કોન્ફરન્સ તરફથી શું શું કાર્યો થાયછે તેની માહિતી મેળવવા માટે ગ્રાહક થવું જો કે સારા લેખોનો પણ લાભનો મળવાનોજ છે.

આ વખતના ત્રીમાસિકમાં દાખલ થયેલા લેખોના સંબંધમાં ખાસ જણાવવાનું એ છે કે તેમાં જે લેખ દાખલ થાય તે પૂરતી તપાસ પછી દાખલ થવા જોઈએ કે જે લેખમાં કોઈ પણ હકીકત આપણા જૈનગ્રંથોમાં કહેલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કથનથી વિપરિત અથવા મનસ્વી જોડી કાઢેલી ન હોય તેમજ કોન્ફરન્સ તરફથી પણ જે કાર્યો કરવાનું સુચવવામાં આવે તે આપણા વિદ્વાન મુનિ મંડળને તેમજ સુજ્ઞ જૈન સમુદાયને માન્ય થઇ શકે તેમ હોય તે સાથે તેવી કાંઇ પણ વિરોધ ઉત્પન્ન થવાનો સંભવ ન હોય. આટલી વાત ચોક્કસ ધ્યાનમાં રાખવાની છે.

આ પ્રથમજ દર્શન હોવાથી લેખોના સંબંધમાં અમે કાંઇ પણ વિવેચન કરવાની જરૂર જોતા નથી. કારણ કે આગળ ઉપર તેનો વિશેષ દેખાવ જોવાની આવશ્યકતા જણાય છે.

---

## કળિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય પ્રણિત.

## श्री त्रिषष्ठि शलाका पुरुष चरित्र.

આ ગ્રંથ મૂળ ૩૫૦૦૦ શ્લોક પ્રમાણ છે તે બની શકે તેટલો શુદ્ધ કરીને ઉંચા કાગળ ઉપર પાનાના આકારમાં દશ પર્વના દશ વિભાગ કરીને મુંબઇ નિર્ણયસાગર પ્રેસમાં અમારા તરફથી છપાવવામાં આવે છે તેની નકલ ૫૦૦ છપાવવાની છે. જેમાંથી ૨૫૦ નકલ પડતર કિંમતે વેચવામાં આવશે અને ૨૫૦ નકલ બંને બાજુ શોભતી પાટલીઓ મુકીને દરેક ભંડારમાં મુકવા માટે તેમજ તે વાંચવા ઇચ્છનાર મુનિરાજોને અર્પણ કરવા માટે તજવીજ કરવામાં આવશે આ આખો ગ્રંથ છપાવવાનો તમામ ખર્ચ શ્રી મુર્શિદાબાદ નિવાસી બાબુસાહેબ રાય બુધસિંહજી બહાદુર તથા શ્રી મુંબઇ નિવાસી શેઠ વીરચંદભાઇ દીપચંદ સી. આઇ. ઇ. એ સમ ભાગે આપવા કબુલ કર્યું છે આવા અત્યુત્તમ ગ્રંથને પ્રગટ કરવા માટે મદદ આપનાર એ બંને ગૃહસ્થોને ખરેખરો ધન્યવાદ ઘટે છે.

આ ગ્રંથના પહેલા બે વિભાગ થોડા વખતમાં બહાર પડશે અને ત્યાર પછીના વિભાગો વિલાયતથી ખાસ મંગાવેલા એન્ટીકપેપર ઉપર છપાશે.

તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જાહેર ખબર.

### (ભાવનગર જૈન બોર્ડીંગ સંબંધી)

સર્વે જૈનબંધુઓને ખબર આપવામાં આવે છે કે ઇંગ્રેજી સાતમા ધોરણમાં અથવા કોલેજમાં અભ્યાસ કરવા ઇચ્છનારા જૈન વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાને સગવડ કરી આપવા માટે શહેર ભાવનગરમાં ખાસ જૈન બોર્ડીંગનું મકાન ઘણું સુંદર બંધાવવામાં આવ્યું છે. તેની અંદર હવે વિદ્યાર્થીઓને દાખલ કરવાના છે. તેમને ખોરાકી સિવાય નીચે પ્રમાણે સગવડ આપવામાં આવશે.

ખુરશી, ટેબલ, સુવાનો કોચ, દીવાબત્તી, રસોઇઓ ને ચાકર.

માટે જે વિદ્યાર્થીઓને દાખલ થવા ઇચ્છા હોય તેમણે સત્વર પોતાની અરજી જરૂરની વિગત સાથે નીચેને શીરનામે મોકલાવવી; જેથી તેનો તાકીદે બંદોબસ્ત કરવામાં આવશે.તા.૫-૧-૦૫

"આ જૈનબોર્ડીંગ માહ વદ ૩ બુધવાર તા૦ ૨૨-૨-૧૯૦૫ ના રોજ ભાવનગરના નામદાર મહારાજા સાહેબના હાથથી ખોલાવવામાં આવેલ છે."

શાહ કુંવરજી આણંદજી.
મહેતા મોતીચંદ ઝવેરચંદ.
ભાવનગર જૈન બોર્ડીંગ વ્યવસ્થાપક કમીટીના
ઓ. સેક્રેટરી.

---

## બુકોની ઘટાડેલી કિંમત.

૧ શ્રી પાંચ પ્રતિક્રમણ સૂત્ર ગુજરાતી. ઘણા વધારા સાથે શીલા છાપમાં છાપેલ ઘણા મોટા અક્ષરવાળી. ૦—૮—૦
૨ શ્રી પાંચ પ્રતિક્રમણ સૂત્ર. શાસ્ત્રી સૂપ. ૦—૬—૦
(બંને બુકમાં જૈનશાળા કે ઇનામ માટે એકેક આનો ઓછો.)
૩ શ્રી બે પ્રતિક્રમણ સૂત્ર ગુજરાતી (શીલાછાપની) ૦—૨—૬
૪ શ્રી બે પ્રતિક્રમણ સૂત્ર શાસ્ત્રી. ૦—૨—૬
(આ બંને બુકના જૈનશાળા ને ઇનામ માટે બે આના.)
૫ શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ ૨જો (સ્થંભ ૫ થી ૯) ૧—૮—૦
૬ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર પર્વ દશમું. વિભાગ ૭ મો. (શ્રી મહાવીરજિન ચરિત્ર.) ૧—૮—૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## पोसह विधि.

અમારી તરફથી પ્રથમ છપાવવામાં આવેલી ને ખલાસ થઈ ગએલી [illegible] કેટલાએક સુધારા વધારા સાથે ફરીને છપાવવામાં આવી છે. સંથારાપોરિસિ વિગેરે [illegible] પણ આપ્યા છે. પોસહ કરનારા [illegible] ને સહેલ આપનારી છે તેથી ખાસ જરૂર હોય તેણે પોસ્ટેજ [illegible] મંગાવી લેવી. કિંમત તસ્દી લેવી નહીં. તંત્રી.

## सामायक चैत्यवंदन सूत्रार्थ.

સામાયક તથા ચૈત્યવંદનમાં આવતા તમામ સૂત્રો અર્થ સહિત તથા વિધિ સાથે ખાસ શિલાછાપથી છપાવી આ બુક અમારી તરફથી તૈયાર કરવામાં આવી છે. કિંમત એક આનો રાખી છે. ખાસ તથા જૈનશાળા માટે ખરિદનાર ગ્રાહકોથી પોણો આનો લેવામાં આવશે. અક્ષર ગુજરાતી છે. તંત્રી.

## श्री त्रिषष्ठि शलाका पुरुष चरित्र. पर्व १ लुं ने २ जुं.

## શ્રી આદીશ્વર ચરિત્ર તથા અજિતનાથ ચરિત્ર.

આ બંને વિભાગ હાલમાં સુધારીને ઘણા સરસ શાહિથી ઊંચા કાગળો ઉપર મુંબઈ ગુજરાતી પ્રીન્ટીંગ પ્રેસમાં છપાવી મજબુત ઊંચા બાઈન્ડીંગથી બંને ભાગ ભેળા બંધાવી તૈયાર કરવામાં આવ્યા છે. કિંમત ખાસ ઘટાડીને બંને ભાગ ભેળાની રૂ ૨-૪-૦ રાખવામાં આવી છે. આ ચોપાનીઆના ગ્રાહકો જેઓએ ચાલતા વર્ષ સુધીનું લવાજમ મોકલ્યું હશે તેને રૂ૧-૬-૦ ની કીંમતે આપવામાં આવશે. પોસ્ટ ખર્ચ જુદું લાગશે. મંગાવવા ઇચ્છા હોય તેમણે પત્ર લખવો. એકંદર પ્રથમ કરતાં એક રૂપીઆનો લાભ છે તે ખોવો નહીં. પછી જેવી ઇચ્છા. નવા ગ્રાહક પણ લવાજમ મોકલશે તેને પણ એ લાભ મળી શકશે.

શ્રાવણ માસથી ચોપડીઓ મોકલવાનું શરૂ થશે. પ્રથમ કરતાં આ બુકમાં દરેક શ્લોકો શું શું છે તે બતાવનાર ખાસ વિષયાનુક્રમણિકા લખવામાં આવી છે અને બીજો પણ ખાસ સુધારો કરવામાં આવ્યો છે. શ્રી હેમચંદ્રાચાર્યજીની આ અત્યુત્તમ કૃતિને માટે કાંઈ પણ વધારે લખવાની આવશ્યકતા નથી.

For Private And Personal Use Only